# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૫/૦૪/૨૦૨૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૫૧૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૮૭ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૫૧૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૫૧૯/૨૦૨૫**

**ગાયકવાડ હવેલીઃ** (૧) શાહરુખખાન નાશીરખાન પઠાણ (રહે. અલનુર પ્લાઝા ફ્લેટ પહેલો માળ અંસારી હોટલ સામે જમાલપુર દરવાજા જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૪/૨૦૨૫ કલાક ૩/૦૦ થી તા.૧૪/૦૪/૨૦૨૫ કલાક ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તથા સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩૬,૫૦૦/– તથા રોકડ રૂપિયા ૭,૦૦૦/– મળી કુલ રૂપિયા ૪૩,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.સાનિયા ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** (૨) રમજાની અબ્દુલરહેમાન કુડીવાલા (ઉ.વ.૬૧) (રહે. અલ્ફીયા ફ્લેટ મીરચી પોળ જમાલપુર ચકલા) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૪/૨૦૨૫ સવારના ૮/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તથા સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૩૫,૦૨૩/– તથા રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૫,૦૨૩/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એચ.શાહ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૫૨૦/૨૦૨૫**

**નવરંગપુરાઃ** મિનાબહેન વા/ઓ સંજયભાઈ શાહ (ઉ.વ.૬૨) (રહે. સંભવ ફ્લેટ શાહ કોલોની સફલ સ્કુલની બાજુમાં મેટ્રો સ્ટેશન સામે શાહપુર દરવાજા બહાર શાહપુર) તા.૧૪/૦૪/૨૦૨૫ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા ઈન્કમટેક્ષ ચાર રસ્તાથી સ્ટેડિયમ ચાર રસ્તા તરફ જતા ઈન્કમટેક્ષ અન્ડરપાસથી બહાર નિકળતા દાસ ખમણ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મિનાબહેન શાહના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મિનાબહેન શાહ એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.પ૨૧/૨૦૨૫**

**સરખેજઃ** ચિરાગકુમાર દિનેશકુમાર વાલાણી (રહે. શત્રુંજય રેસીડેન્સી દેવ ઓરમ પાછળ આનંદનગર રોડ સેટેલાઇટ) એ તા.૧૪/૦૪/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ચિરાગકુમાર વાલાણી નાઓ સરખેજ ફતેવાડી ઋષીકેશ સ્કુલ સામે 'આરાસુરી ગોલ્ડ' નામની દુકાન ધરાવી ધંધો કરતા હોય તા.૧૦/૦૩/૨૦૨૫ ના રોજ દુકાન ખાતે ઘરેણાના સ્ટોકની ગણતરી કરતા હતા ત્યારે સ્ટોકમાંથી સોનાની બે વિંટી ઓછી જણાયેલ, જેથી દુકાનના સીસીટીવી ચેક કરતા તા.૦૪/૦૩/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે ગ્રાહક બનીને દુકાન ખાતે આવેલ એક પુરૂષ અને એક મહિલા નજર ચુકવી દુકાનમાંથી સોનાની બે વિંટી કિમત રૂપિયા ૬૪,૦૦૦/- ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.પ૨૨/૨૦૨૫**

**નિકોલઃ** ઋષિ પ્રવિણભાઈ પુરોહિત (ઉ.વ.૨૪) (રહે. શ્યામ હાઈટસ સંકલ્પ સ્કુલની બાજુમાં નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૪/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને નિકોલ કાનબા હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભરતકુમાર અજાજી ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી